# ભારતીય જનતા પાર્ટી

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે,
ઉધના–નવસારી મેઈન રોડ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૧/૦૩/૨૦૧૭

તંત્રીશ્રી,

...............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

- **આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અથાગ મહેનત અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની રણનીતિના પગલે ભાજપાને ભવ્ય સફળતા મળી છે : નીતિનભાઈ ભજીયાવાળા**
- **નોટબંધી અને સર્જીકલ સ્ટ્રાઈક સામે સવાલ ઉભા કરનારાઓને પ્રજાએ જડબાતોડ જવાબ આપ્યો છે : નીતિનભાઈ ભજીયાવાળા**
- **યુ.પી. સહિતના રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીને મળેલી ભવ્ય સફળતાને પગલે ભાજપ કાર્યાલય ખાતે ભવ્ય ઉજવણી કરાઈ.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા તથા મહામંત્રીશ્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદીશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

ઉતરપ્રદેશ સહિતના રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીને મળેલી સફળતાની ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર ખાતે ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અથાગ મહેનત અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની રણનીતિના પગલે ભારતીય જનતા પાર્ટીને ભવ્ય સફળતા મળી છે. આ આંધી નહી પરંતુ નરેન્દ્રભાઈની સુનામી છે. તેમ સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ જણાવ્યું હતું.

# ભારતીય જનતા પાર્ટી

"પંડિત દીનદયાળ ભવન", ભારતીય જનતા પાર્ટી કાર્યાલય, સત્યનગરની સામે,
ઉધના–નવસારી મેઈન રોડ, ઉધના, સુરત–૩૯૪૨૧૦.

---

યુ.પી., ઉતરાખંડ, મણિપુર, ગોવા, પંજાબ રાજ્યોની ચૂંટણીના પરિણામો આજે જાહેર થવાના હતા. એકઝીટ પોલ સહિતના તમામ સર્વેમાં ભાજપ મોળારે રહેશે. એવું અનુમાન હતું. જેના પગલે આજે સવારથી જ ભારતીય જનતા પાર્ટીના કાર્યાલયમાં જશ્નનો માહોલ હતો. કાર્યકરોમાં અદમ્ય ઉત્સાહ હતો. યુ.પી. સહિતના રાજ્યોમાં મળેલી ભવ્ય સફળતા બદલ આજે ભાજપા કાર્યાલય ખાતે ફટાકડા ફોડવામાં આવ્યા હતા. ઢોલ–નગારાની તાલે કાર્યકરો, નેતાઓ ઝૂમી ઉઠયા હતા. એકબીજને મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કરાવ્યું હતું. ચૂંટણીમાં પાર્ટીને મળેલી ભવ્ય સફળતા બદલ અભિપ્રાય આપતા પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ જણાવ્યું હતું કે નોટબંધી, સર્જીકલ સ્ટ્રાઈક સહિતના દેશહિતના મુદ્દે સવાલ ઉભો કરનારાઓને પ્રજાએ જડબાતોડ જવાબ આપ્યો છે. મોદીજીની મહેનત, તેમની કલ્યાણકારી યોજના, સૌને સાથે લઈને ચાલવાની "સૌનો સાથ, સૌનો વિકાસ"વાળી નીતિને દેશની જનતાએ સમર્થન આપ્યું છે. સાથો–સાથ આદરણીય રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહની આયોજનબદ્ધ ચૂંટણી લક્ષી રણનીતિને ભાજપના કર્તવ્યનિષ્ઠ કાર્યકર્તાઓએ અમલી કરી જેને પગલે ભારતીય જનતા પાર્ટીને ભવ્ય સફળતા મળી છે.

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર વતી પ્રમુખ શ્રી નીતિનભાઈ ભજીયાવાળાએ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.

આજના વિજયોત્સવમાં ભાજપ–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાળા, મેયર શ્રીમતી અસ્મિતાબેન શિરોયા, મંત્રી શ્રી નાનુભાઈ વાનાણી, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, ધારાસભ્ય શ્રી અજયભાઈ ચોકસી, ગુજરાત પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, કમિટી ચેરમેન શ્રી રાજેશભાઈ દેસાઈ, સુરત મહાનગરના મહામંત્રી શ્રી મદનસિંહ અટોદરીયા, ડો. જગદિશભાઈ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ, ઉપાધ્યક્ષ શ્રી પી.વી.એસ. શર્મા, સુરત શહેરના હોદ્દેદારશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, વોર્ડ પ્રમુખશ્રીઓ, વોર્ડ મહામંત્રીશ્રીઓ, વોર્ડ પ્રભારીશ્રીઓ સહિત કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.